પ્રકાશન નં : ૧૫૦

# સંસ્કાર

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઉચ્ચ સંસ્કારોની
ઝાંખી કરાવતા અમુક દિલચસ્પ અને બોધદાયક કિસ્સાઓ

સંપાદક
મુફ્તી ફરીદ અહમદ કાવી.
મુદર્રિસ જામિઅહ જંબુસર

પ્રકાશક
જામિઅહ ઉલૂમુલ કુરઆન. જંબુસર
મુ.પો. જંબુસર. જિ. ભરૂચ. ગુજરાત. ઈન્ડીયા

પ્રકાશન નં : ૧૫૦

# સંસ્કાર

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઉચ્ચ સંસ્કારોની
ઝાંખી કરાવતા અમુક દિલચસ્પ અને બોધદાયક કિસ્સાઓ

સંપાદક
મુફતી ફરીદ અહમદ કાવી.
મુદર્રિસ જામિઅહ જંબુસર

પ્રકાશક
જામિઅહ ઉલૂમુલ કુરઆન. જંબુસર
મુ.પો. જંબુસર. જિ. ભરૂચ. ગુજરાત. ઈન્ડીયા

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | પ્રારંભિક | ૩ |
| ૨ | નબવી અખ્લાક | ૬ |
| ૩ | સામાજિક સંબંધો, લોકસંપર્ક અને મેળમિલાપ. | ૬ |
| ૪ | સચ્ચાઈ અને અમાનતદારી | ૯ |
| ૫ | સાદગી અને લોકસેવા | ૧૨ |
| ૬ | હકારાત્મકતા | ૧૫ |
| ૭ | માફી. | ૨૧ |
| ૮ | એક વિશેષ ખૂબી | ૨૪ |
| ૯ | વહાલા અનસ ! મારું કામ તો કરી આવો ! | ૨૬ |
| ૧૦ | કેદીને રોટી અને પોતાના માટે સૂકી ખજૂર | ૨૮ |
| ૧૧ | મજા તો તબ હે કે ગિરતોં કો થામ લે સાકી | ૨૯ |
| ૧૨ | બીજી વાર આવું કર્યું તો જોવા જેવી થશે. | ૩૧ |
| ૧૩ | મને ખબર છે કે તમે બદલો નથી લેવાના ! | ૩૪ |
| ૧૪ | લોકોના ચહેરા વિકૃત કરવા આપણું કામ નથી. | ૩૫ |

# પ્રારંભિક

માનવી એની પ્રકૃતિ અને ફિતરત પ્રમાણે સમુહજીવન જીવે છે. કુટુંબો, જ્ઞાતિઓ, અને સમાજ વગેરે સમુહોમાં માનવી વહેંચાયેલો હોવા છતાં જીવન પદ્ધતિ સામુહિક ધરાવે છે.

આવા જીવનમાં પરસ્પરના સંબંધો સારા, સહકારભર્યા અને સન્માન આધારિત હોય તો જીવન સારું રહે છે, અને જો સંબંધોમાં કડવાશ હોય, અદાવત હોય, તિરસ્કાર હોય તો જીવન કડવું, અઘરું, કપરું અને જહન્નમ જેવું બની જાય છે.

જીવનને કડવું અને નર્ક બનાવનાર વસ્તુ શું છે, એ શોધીએ તો એક બાબત સ્પષ્ટ રૂપે સામે આવે છે : માણસના અખ્લાક, સંસ્કાર, અને રહેણી – કરણી. જો એ બરાબર છે તો બધું બરાબર, અને એમાં જ કંઈ ખામી છે તો પછી બધું જ ખરાબ.

ઈસ્લામી દષ્ટિએ તો સદવર્તન, સારા અખ્લાક મોટી નેકી અને સવાબનું કામ છે, કયામતના દિવસના ત્રાજવાનો ભાર છે. ગુનાહોની મગફિરતનો સબબ છે.

સારા અખ્લાક શું છે ?

સંસ્કાર, સારા અખ્લાક ફકત મુસ્કુરાવાનું નામ નથી. અત્યાચારો વેઠતા રહેવાનું નામ નથી. બુરાઈ જોઈને ચુપ બેસી રહેવાનું નામ નથી. તમાચો ખાયને ગાલ લાલ રાખવાનું નામ નથી. બલકે...

દરેક સમયે, જે તે પ્રસંગે એવું કાર્ય કરવું જે અવસર પ્રમાણે યોગ્ય હોય, આવશ્યક હોય, અને એનાથી સારું ફળ મળે, ફાયદો થાય, ખુશી મળે, શાંતિ પ્રસરે. મહોબ્બતના અવસરે મુહબ્બત, સજાના સમયે કડકાઈ, સારા અખ્લાક છે. સાંપને એટલા માટે દૂધ પીવડાવવું કે એ પાછળથી માણસને કરડે નહીં, સારું કામ નથી. ભલે તે સારું દેખાય છે અને કરનારનો આશય પણ સારો છે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું ફરમાન છે : કયામતના દિવસે મોમિન બંદાના ત્રાજવામાં સારા અખ્લાક સહુથી વધારે ભારે હશે. અને અલ્લાહ તઆલા બદઝબાન, બકવાસ કરનારને પસંદ નથી કરતા.(તિરમિઝી)

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું ફરમાન છે : હું સારા અખ્લાકને સર્વસ્વીકૃત કરવા (પ્રચાર–પ્રસાર અને અનુસરણની તાલીમ આપવા) માટે મોકલવામાં આવ્યો છું. (શરહુસ્સુન્નહ)

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના સમયમાં બે સ્ત્રીઓ હતી. એક સ્ત્રી આખી રાત નમાઝ પઢતી, દિવસે રોઝા રાખતી અને સદકો–ખેરાત પણ કરતી. પણ જીભ એટલે કે કડવા વેણથી પાડોશીઓને તકલીફ આપતી હતી.

બીજી સ્ત્રી ઈસ્લામના ફરજો બરાબર અદા કરતી પણ એને વધુ ઈબાદતોની આદત ન હતી અને ગરીબોમાં થોડા– ઘણાં કપડાં વહેંચતી. અલબત્ત ઝબાન દ્વારા કોઈને તકલીફ આપતી ન હતી. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને એ બન્ને વિશે પૂછવામાં આવ્યું તો પ્રથમ સ્ત્રી વિશે ફરમાવ્યું કે તે જહન્નમી છે, અને બીજી સ્ત્રી વિશે ફરમાવ્યું કે તે જન્નતી છે. (અદબુલ મુફરદ)

સારા અખ્લાકના નામે એક ખરાબી આજે એ પણ જોવા મળે છે કે ફક્ત સામે વાળાને સારું લાગે, એનાથી લાભ મળતો રહે એ માટે એની ખોટી વાતોનું સમર્થન કરવામાં આવે છે, એના પ્રતિ ખોટી હમદર્દી જતાવવામાં આવે છે. ઘણા સ્વાર્થીઓ તો સ્વાર્થ ખાતર વજૂદમાં ન હોય એવી બાબતો પ્રતિ પણ હમદર્દી જતાવીને અખ્લાક બતાવવાનો પ્રયત્ન કરે છે. કોઈ સામાન્ય બીમાર પાસે જઈને એવી હમદર્દી દર્શાવવી જાણે તે મરણ પથારીએ હોય, કોઈના સામાન્ય સારા કાર્યની એવી પ્રસંશા કરવી જાણે એણે જગ જીત્યું હોય, વગેરે બાબતો આપણા

વચ્ચે સામાન્ય થઈ પડી છે.

સદવર્તન અને સંસ્કાર ન હોવા આજના સમાજ માટે ચિંતાની મોટી બાબત છે. પરસ્પરના સાચા અને ફરજના સંબંધોમાં આપણે જોઈએ છીએ કે અધિકારી એના તાબાના માણસોને અને સામાન્ય નાગરિકોને, શેઠ નોકરને, નોકર શેઠ સામે, બેફિકરી અને ઉડાઉ રીતે વાત કરે છે. એનાથી વિપરીત ધંધાદારીઓ અને દુકાનદારો એમના કસ્ટમર સાથે એવી રીતે વાત કરે છે, જાણે લોહીની સગાઈ હોય. સ્પષ્ટ છે કે આ સાચી હમદર્દી અને સાચા સંસ્કાર નથી. ફકત સ્વાર્થ અને ગરજ છે. આનું નામ અખ્લાક નથી. આ જ વસ્તુ જો એના મુળ સ્થાનેથી વ્યકત થાય, સગાઓ એકબીજા સાથે, અધિકારીઓ પ્રજા સાથે, શેઠ નોકર સાથે આવી રીતે વર્તે તો નક્કી એ સંસ્કાર છે, સારા અખ્લાક છે.

આ પુસ્તિકામાં અમે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના સદવર્તન અને અખ્લાક દર્શાવતા અમુક કિસ્સાઓ ભેગા કર્યા છે. આશય એ છે અખ્લાક અને સંસ્કાર કોને કહેવાય એ નબવી વર્તન અને કિસ્સાઓ દ્વારા સમજવામાં આવે.

સીરત લેખમાળાની આ આઠમી પુસ્તિકા જામિઅહ દ્વારા પ્રકાશિત થઈ રહી છે, એના પ્રકાશન બદલ જામિઅહના પ્રકાશન વિભાગ અને જામિઅહના સ્પાથક, અને સંચાલક હઝરત મુફતી અહમદ સાહેબ દા.બ.નો જેટલો આભાર વ્યકત કરું એ ઓછો છે. અલ્લાહ તઆલા જામિઅહની તમામ સેવાઓને કુબૂલ ફરમાવે અને કોમ – સમાજને ઉપયોગી થાય એવી વધારે સેવાઓ કરવાની તોફીક આપે. આમીન.

*–– લી. ફરીદ અહમદ કાવી. મુદર્રિસ જામિઅહ જંબુસર.*

––––––––––––––––––––––

# નબવી અખ્લાક

## સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ

---

***સામાજિક સંબંધો, લોકસંપર્ક અને મેળમિલાપ***

માણસની ખરી ઓળખ બીજા લોકો પ્રત્યે એના વહેવાર વેળા જ સામે આવે છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને તો લોકો માંહે જ સુધારણા અને સમાજ રચનાનું કાર્ય કરવાનું હતું એટલે લોકસપંર્ક અને સામાજિક સંબંધોને લગતા સંસ્કારો, સદવર્તન અને અખ્લાક એટલા ઉચ્ચ હતા કે સામાન્ય માનવી કદાચ આપની તોલે પણ ન આવી શકે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ રસૂલે ખુદા તરીકે અત્યંત મહાન સ્થાન ધરાવવા છતાં દરેક પ્રકારના લોકો સાથે સંપર્ક ધરાવતા હતા. લોકો સાથે વ્યકિતગત ઓળખ અને સંબંધો પણ સાચવતા હતા. લોકોના કામો કરીને એમને મદદરૂપ બનતા હતા. લોકો સાથે રહીને એમની સાથે જ ખાતા પીતા હતા. કામકાજમાં બધાની જેમ પોતે પણ ભાગ લેતા હતા. સફરમાં ખાવા રાંધવા માટે સળગાવવાની લાકડીઓ ભેગી કરવા જતા હતા. મસ્જિદ બનાવતી વેળા બધાની જેમ પોતે પણ પથ્થરો ઊંચકીને લાવતા હતા. ખંદક ખોદતી વેળા પાવડો લઈને પોતે પણ કામમાં પરોવાયા હતા. સમાજ અને ખાનદાનના લોકોના ખુશી અને ગમના પ્રસંગોમાં ભાગ લેતા હતા અને યોગ્ય માર્ગદર્શન પણ આપતા હતા.

લોકો સાથેના અત્યંત ઊંડા સંબંધો ધરાવવાના કારણે અને

મુસલમાનોને નાની મોટી દરેક બાબતમાં મદદરૂપ થવાના કારણે જ ઈસ્લામની સાચી તાલીમ પ્રેકટીકલ સ્વરૂપે દુનિયા સમક્ષ મુકી શકયા. જો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પોતાને મોટા અને મહાન સમજીને લોકો વચ્ચે ન આવત અને ફકત મસ્જિદમાં બેસીને નસીહત જ કર્યા કરત તો નવીન ઈસ્લામી સમાજની રચના અને સુધારણાનું કાર્ય પુરું ન કરી શકાત.

જે કોઈ રસ્તામાં મળતું એને આગળ વધીને પોતે પહેલા સલામ કરતા હતા.

બાળકો પાસેથી પસાર થતા તો એમને પણ સલામ કરતા.

ઘરમાં આવતાં – જતાં ઘરવાળાઓને પણ સલામ કરતા.

કોઈની સાથે ઘણા દિવસ પછી મુલાકાત થતી તો એને ભેટીને મળતા હતા. કદી કદી કોઈના કપાળે બોસો લેતા હતા.

મુલાકાત વેળા પોતાનો હાથ ખેંચવામાં ઉતાવળ ન કરતા હતા.

કોઈને સંદેશો કહેવડાવતા તો સાથે સલામ પણ કહેવડાવતા.

દોસ્તો અને સગાઓને હદિયો અને તોહફો મોકલતા હતા અને કોઈ મોકલતું તો એને સ્વીકાર પણ કરતા હતા.

ભેગા મળીને બેસતા તો ઊંચા કે નોખા સ્થાને બેસવાનો આગ્રહ કદી ન કરતા હતા. કોઈ મજલિસમાં પાછળથી આવતા તો સહાબાને સન્માન રૂપે ઉભા થવાની મનાઈ કરી દીધી હતી. આવીને જે વાત ચાલતી હોય એમાં જ પરોવાય જતા હતા.

કોઈના સાથે વાત કરતા તો પ્રથમ એની વાત શાંતિથી સાંભળતા હતા. વચ્ચેથી કોઈની પણ વાત કાપતા ન હતા. એકવાર મદીના શરીફની અર્ધપાગલ સ્ત્રીએ આપને ઉભા રાખીને

પોતાની વાત કહેવી શરૂ કરી દીધી. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એની પૂરી વાત સાંભળી અને એનું પછી એનું કામ પણ પૂરું કરી દીધું.

મદીના શરીફમાં કોઈ બીમાર પડતું તો એના ખબર અંતર પૂછવા જતા. માથા પાસે બેસીને માથે હાથ ફેરવતા એને શાંત્વના આપતા અને દુઆ આપતા કે : لا بأس طهور إن شاء الله , કોઈ ચિંતા ન કરશો. ઈન્શાઅલ્લાહ સારા થઈ જશો.

કોઈના વિશે ખબર પડતી કે અંતિમ શ્વાસ ચાલી રહયા છે તો વહેલી તકે એના ઘરે જઈને એ તોબા કરી લે એવી કોશિશ કરતા હતા અને મૃત્યુ પછી ઘરવાળાઓને સબ્ર – ધીરજ કરવાની નસીહત કરીને પાછા આવતા હતા. જનાઝહમાં સાથે ચાલતા હતા. પોતે જનાઝહની નમાઝ પઢાવતા હતા અને મગફિરતની દુઆ કરતા હતા.

ગરીબોની મદદ કરતા હતા. પૈસા હોય ત્યારે જરૂરતમંદોને કરજ પણ આપતા હતા. કોઈ કરજ ન ચુકવી શકે તો એને મોહલત આપવાની તાકીદ કરતા હતા. ગરીબો, બેવાઓ, યતીમો અને ગુલામો માટે વિશેષ ફિકર કરતા હતા.

સદા ખુશમિજાઝ રહેતા હતા. દરેકને મુસ્કુરાયને મળતા. કદી કદી હળવી મજાક પણ કરતા હતા. સહાબાને તરવા, ઘોડસ્વારી અને તીરંદાઝી કરવા પ્રોત્સાહન આપતા હતા. હરીફાઈ કરાવતા હતા અને પોતે એમાં ભાગ લેતા અથવા જોવા માટે પધારતા હતા. એવા નાના કામો જેના થકી બીજાને રાહત પહોંચે અને પરસ્પરનો સુંદર માહોલ સચવાય રહે એની ખાસ તાકીદ ફરમાવતા હતા. એક હદીસ શરીફમાં છે :

રોજ સવારે સૂર્ય ઉગે છે ત્યારે માણસની આંગળીઓના દરેક સાંધાઓ ઉપર એક સદકહ લાગુ પડે છે. આ સદકહ અનેક રીતે અદા કરી શકાય છે. બે માણસો વચ્ચે ન્યાય તોળી દયો તો એ સદકહ છે. કોઈને સવાર થવામાં સહાયરૂપ બનો એ પણ સદકહ છે. કોઈને જાનવર ઉપર સામાન ચડાવી દયો કે ઉતારી દયો એ પણ સદકહ છે. સારી વાત કહેવી પણ સદકહ છે. નમાઝ માટે ચાલીને જવું પણ સદકહ છે. અને તકલીફ આપે એવી વસ્તુઓ રસ્તામાંથી હટાવવી પણ સદકહ છે. (બુખારી, મુસ્લિમ)

## સચ્ચાઈ અને અમાનતદારી

સચ્ચાઈ, એમ તો ફકત એક ગુણનું નામ છે. પરંતુ વાસ્તવમાં એ અનેક ખૂબીઓ અને ગુણોનો ગુલદસ્તો છે. સાચો માણસ અમાનતદાર હશે, વાયદા અને કરારનો પાકો હશે. હિમ્મતવાન અને ઉચ્ચ વિચાર ધરાવનાર હશે. બેવડું વલણ કે બે મોંઢાની વાત નહીં કરે. બહાદૂર, નિડર અને વાણી – વિચારમાં સ્વતંત્ર હશે.

એક માણસ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં આવ્યો  અને અરજ કરી કે હું ઈમાન લાવવા ઈચ્છું છું, પણ મારા અંદર ઘણી બુરાઈઓ છે. ઝીના, શરાબ અને ઘણી બધી. હું આ બધી બુરાઈઓ એક સાથે નથી છોડી શકતો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : કંઈ વાંધો નહીં, પ્રથમ એને કલિમહ પઢાવીને મુસલમાન બનાવ્યો અને પછી ફરમાવ્યું કે, એક બુરાઈ આજથી જ છોડી દયો. બીજી પછી શકિત મુજબ છોડીશું. તમે વાયદો કરો કે હવે પછી કોઈ દિવસ જૂઠું નહીં બોલો. એ માણસે વાયદો કર્યો. અલ્લાહની કુદરત કે સચ્ચાઈની બરકતથી ટુંક સમયમાં જ બધી જ બુરાઈઓ એણે છોડી દીધી.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઉચ્ચ સંસ્કારોમાં 'સચ્ચાઈ'નું સ્થાન સૌથી આગવું અને આગળ છે. અલ્લાહ તઆલાએ પહેલેથી જ આપને એવા સાચા બનાવ્યા હતા કે આખું મક્કા એકી અવાજે આપને 'સાદિક' (સાચા માણસ)ના નામથી બોલાવતું હતું. મક્કાના સરદારોમાં એક સરદાર નઝર બિન હારિસ નામે હતો. બાહોશ અને અનુભવી હતો. તવહીદ અને ઈસ્લામના એલાનના કારણે લોકો જયારે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને જાદૂગર, પાગલ, વગેરે કહેવા લાગ્યા તો એણે લોકોને કહયું કે, હે કુરૈશના લોકો ! આ નવી મુસીબતનો હજુ સુધી તમે કોઈ હલ શોધી શકયા નથી. મુહમ્મદને ફકત જાદૂગર કે પાગલ કહી દેવાથી કામ નહીં ચાલે. મુહમ્મદ તમારા દરમિયાન જ પેદા થયો છે. ઉછર્યો અને યુવાન બન્યો. અત્યાર સુધી તમારા દરમિયાન એ સૌથી શ્રેષ્ઠ અને સ્વીકાર્ય હતો. વાયદા –કરારનો પાકો, કથનીમાં સાચો, કરણીમાં ચોખ્ખો અને અમાનતદાર હતો. હવે જયારે એની યુવાની ઢળવા લાગી અને એણે તમારી સામે આ નવી નવી વાતો રજૂ કરી ત્યારે હવે તમે એને જાદૂગર કહો છો ? ખુદાની કસમ ! એ જાદૂગર નથી.

રોમના બાદશાહે મક્કાના સરદાર અબૂસુફિયાનને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના વ્યકિતત્વની ખરાઈ માટે અમુક પ્રશ્નો પૂછયા હતા એમાં સચ્ચાઈનો સવાલ પણ હતો. અબૂસુફિયાન એ વેળા મુસલમાન ન હતા, મુસલમાનોના દુશ્મન હતા, પણ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સચ્ચાઈ એવી સ્વીકૃત અને પ્રભાવી હતી કે એનો ઈન્કાર શકય જ હતો.

આપ સલ્લલ્લાહુ તઆલા અલયહિ વ સલ્લમને એકવાર

કોઈકે પૂછયું :

શું મોમિન બુઝદિલ હોય શકે છે ?

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે, હા.

શું મોમિન બખીલ હોય શકે છે ?

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે, હા.

શું જૂઠો હોય શકે છે ?

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે, નહીં.

ગઝવએ બદર પહેલાં મુસલમાનોના એક શત્રુ અખ્નસ બિન શુરૈક અને અબૂજહલ કયાંક ભેગા થયા. અખ્નસ અબૂજહલને એકાંતમાં લઈ ગયો અને પૂછયું, હે અબૂલહકમ ! એક વાત પૂછું છું. આપણા બે સિવાય કોઈ ત્રીજું અહિંયા નથી. મને સાચું કહેજે. મુહમ્મદ સાચા છે કે જૂઠા ? અબૂજહલે જવાબ આપ્યો કે, ખુદાની કસમ ! મુહમ્મદ સાચા છે. તે કદી જૂઠું નથી બોલતા. પણ ... કુસય્યની અવલાદ (એટલે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું ખાનદાન) કાબા શરીફની ખિદમતની બધી જવાબદારીઓ સાથે નુબુવ્વતનું બહુમાન અને સન્માન પણ પોતાના ખાનદાનમાં લઈ લે તો પછી કુરૈશના બીજા ખાનદાનો પાસે શું રહે ? એટલે હું એમને નબી નથી માનતો.

મક્કામાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને મુસલમાનોના મોટા શત્રુ બે જ માણસો હતા. અબૂસુફયાન અને અબૂજહલ. બન્ને એક સરખી રીતે આ વાતે સહમત છે કે પયગંબર મુહમ્મદ સાચા વ્યકિત છે.

તારિક બિન અબ્દુલ્લાહ રદિ. ફરમાવે છે કે એકવાર અમારા કબીલાના લોકો સાથે હું મદીના ખજૂરો ખરીદવા ગયો. મંઝિલે

પહોંચીને શહેરની બહાર થોડી વાર આરામ માટે રોકાયા હતા, ત્યારે એક માણસ બે જૂની ચાદરો ઓઢીને આવ્યો અને સલામ કરીને પૂછવા લાગ્યો કે,

કયાંથી આવો છો અને કયાં જવાના છો ?

અમે જવાબ આપ્યો કે 'રબ્ઝહ' મુકામેથી મદીનાની ખજૂરો ખરીદવા આવ્યા છે.

અમારી પાસે એક લાલ ઊંટ હતું. એ માણસે પૂછયું કે આ ઊંટ વેચવું હોય તો બોલો ?

અમે કહયું કે, આટલી ખજૂરો મળે તો વેચવું છે.

એ માણસ ઊંટની લગામ પકડીને ચાલતો થયો.

અમને પછી વિચાર આવ્યો કે આપણે તો એક અજાણ્યા માણસને કોઈ ઓળખાણ કે ખાતરી વગર જ ઊંટ વેચીને હવાલે કરી દીધું. હવે એને કયાં શોધવો ?

હજુ આ વાત ચાલતી હતી એટલામાં એક માણસ ભારે માત્રામાં ખજૂરો લઈને આવ્યો અને કહેવા લાગ્યો કે, મને અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મોકલ્યો છે. ઊંટની કીમત મુજબની ખજૂરો તો કીમત સ્વરૂપે છે, બાકીની તમારા બધાની ઝિયાફત માટે છે. ખાઓ પીઓ.

અમે ખાય પીને મદીનામાં પ્રવેશ્યા અને મસ્જિદમાં પહોંચ્યા તો એ જ માણસ મિમ્બર ઉપર બેસીને ખુત્બહ આપતા હતા અને એ જ રસૂલે ખુદા સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ હતા.

***<u>સાદગી અને લોકસેવા.</u>***

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અલ્લાહના મહબૂબ અને લોકોના સરદાર હોવા છતાં ઘણા જ વિનમ્ર

સ્વભાવના હતા. નબી તરીકે સઘળી જવાબદારીઓ અદા કરતા હતા. લોકોને અલ્લાહના આદેશો શીખવાડતા હતા. અમલ કરવાની તાકીદ અને હુકમ પણ કરતા હતા. ગુનાહોથી બીવડાવતા પણ હતા. ખોટા કામો કરવાની કડક મનાઈ પણ કરતા હતા. જરૂરત પડયે ગુનેગારોને સજા પણ આપતા હતા. આ બધું છતાં કોઈ મોટાઈ દાખવતા ન હતા. સામાન્ય કામકાજમાં પોતાને એક સામાન્ય માનવી સમજીને લોકો વચ્ચે સામાન્ય રીતે જ હળી મળી જતા હતા.

હઝરત અનસ રદિ. કહે છે કે એકવાર કોઈ માણસે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને یا خیر البریۃ 'હે ધરતીના શ્રેષ્ઠ વ્યકિત' કહીને સંબોધ્યા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : આ ઉચ્ચ સ્થાન તો હઝરત ઈબ્રાહીમ અલૈ.નું છે.

હઝરત ઉમર રદિ.ની રિવાયતમાં છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવતા કે, હે લોકો ! મારા વખાણ કરવામાં હદ ન ઓળંગશો. જેમ કે ઈસાઈ લોકો હઝરત ઈસા અલૈ. વિશે કરે છે. હું તો અલ્લાહનો એક બંદો છે એટલે મને અલ્લાહનો બંદો અને રસૂલ જ કહો.

એકવાર એક માણસ મુલાકાત માટે આવ્યો. પાસે પહોંચ્યો તો થરથર કાંપવા લાગ્યો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એને ફરમાવ્યું : ગભરાવો નહીં. હું કોઈ જાહોજલાલી વાળો રાજા નથી. સૂકો ગોશ્ત ખાનારી કુરૈશની એક સ્ત્રીનો છોકરો છે.

બદરની લડાઈ માટે મુસલમાનો મદીનાથી બહાર નીકળ્યા તો સવારીના જાનવરો ઘણા જ ઓછા હતા. દર ત્રણ માણસે એક ઊંટ હતું. એટલે વારાફરતી ઊંટ પર સવાર થવાનું નક્કી થયું. એમાં

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પોતાનો પણ વારો નક્કી કર્યો અને વારા મુજબ સવારી પરથી ઉતરીને પગપાળા ચાલતા હતા. સહાબા રદિ.એ અરજ કરી કે, યા રસૂલલ્લાહ ! આપ ઊંટ ઉપર જ સવાર રહો. ચાલવાની તકલીફ આપ ન ઉઠાવો તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : પગપાળા ચાલવામાં હું તમારા કરતાં કમઝોર નથી. અને સવાબની પણ મને એટલી જ જરૂરત છે.

મક્કામાં એક સ્ત્રી માથે ઘણો બધો ભાર ઊંચકીને જઈ રહી હતી. ભારના કારણે ચલાતું પણ ન હતું. રસ્તે બેઠેલા લોકો આ દશ્ય જોઈને હસતા હતા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જોયું તો તુરંત આગળ આવ્યા અને એ સ્ત્રીનો ભાર પોતે ઊંચકીને ઘર સુધી એને છોડી આવ્યા.

મુસ્નદે અહમદમાં છે કે, હઝરત ખબ્બાબ રદિ. જયારે એક ગઝવહમાં ગયા તો એમના ઘરમાં કામ કરનાર કોઈ પુરૂષ ન હતો. ઘરની સ્ત્રીઓને દૂધ દોહવાનો અનુભવ ન હતો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ખબર પડી તો રોજ એમના ઘરે જઈને દૂધ દોહી આપતા હતા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની બરકતથી આખું વાસણ ભરાય જતું હતું.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સોબતનો અસર હતો કે હઝરત અબૂબક્ર રદિ. પણ એમના મહોલ્લામાં લોકોને બકરીઓનું દૂધ દોહી આપતા હતા. જયારે આપને ખલીફા બનાવવામાં આવ્યા તો એક છોકરી કહેવા લાગી કે, હવે તો અબૂબક્ર અમારું દૂધ દોહવાનું છોડી દેશે. હઝરત અબૂબક્ર રદિ.એ કહયું કે, મારી આ નવી જવાબદારીને મારા પાછલા કોઈ કામમાં

અવરોધરૂપ નહીં બનવા દઉં.

મક્કામાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ગરીબ અને બેસહારા લોકોની મદદ માટે એમનો સામાન બજારમાંથી ખરીદીને ખભે ઊંચકીને દરેકના ઘરે પહોંચાડતા હતા. એકવાર અબૂસુફયાને આપને જોઈને કહયું કે, ગરીબ, પછાત અને નીચ લોકોનો સામાન ઊંચકીને તમે તમારા કુટુંબને બદનામ કરી રહયા છો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : હું હાશિમનો પોત્ર છું. તેઓ અમીર – ગરીબ બધાની સમાન રીતે સહાય અને મદદ કરતા હતા. અને પોતાનાથી ઉતરતી કક્ષાના લોકોને પણ પછાત કે નીચ સમજતા ન હતા.

## હકારાત્મકતા

હકારાત્મક વિચારસરણી એક પ્રકારનું અમૃતજળ છે. દરેક માણસના દિલ – દિમાગની સફાઈ માટે અને બે કે વધુ માણસો વચ્ચેના સંબંધોની સફાઈ અને સચ્ચાઈ માટે એ ઘણી જ જરૂરી બાબત છે. માણસ અલ્લાહ તઆલાની તકદીરમાં બંધાયેલો છે, અલ્લાહની મરજી મુજબ સારા નરસા દિવસો અને સંજોગો માણસ ઉપર આવે છે. પણ દરેક સ્થિતિમાં માણસે સારું વિચારવું, એ નબવી તાલીમ છે. રાહતમાં શુક્ર અને મુસીબતમાં સબ્રનો આદેશ તો છે જ, પણ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એનાથી આગળ વધીને અલ્લાહ તઆલાનો નિયમ ઉમ્મતને બતાવ્યો કે, અલ્લાહ તઆલા ફરમાવે છે : બંદો મારા વિશે જેવું વિચારે છે, હું બંદાઓ સાથે એવો જ રહું છું. એટલે કે દરેક સ્થિતિમાં હકારાત્મક અને વ્યાજબી વિચારો જ અપનાવો. મુસીબતને પણ મુસીબત ન સમજો, બલકે એમ વિચારો કે આ

પણ અલ્લાહ તઆલાએ આપેલ એક રાહત છે.

કુરઆનમાં હઝ. ઈબ્રાહીમ અલૈ. અને એમની કોમ વચ્ચેનો વાર્તાલાપ ટુંકમાં વર્ણવવામાં આવ્યો છે : હઝ. ઈબ્રાહીમ અલૈ. એમને કહે છે કે આ મુર્તિઓ તમારી વાતો અને દુઆઓ સાંભળે છે ? તમને કોઈ લાભ – નુકસાન પહોંચાડવા ઉપર શકિતમાન છે ? તો લોકોએ જવાબ આપ્યો કે, અમે બાપદાદાઓના પગલે ચાલીએ છીએ, તેઓ આવું કરતા હતા એટલે અમે પણ એને જ બરાબર સમજીએ છીએ. મુળ તો હઝરત ઈબ્રાહીમ અલૈ. લોકોની બુદ્ધિ અને સમજને જાગૃત કરવા માંગતા હતા, પણ વરસોની જડતા એકદમ જતી ન હતી, એટલે હઝરત ઈબ્રાહીમ અલૈ. પોતાની વાત રજૂ કરી અને પછી જવાબમાં સામા પક્ષની કોઈ નકારાત્મક વાત વર્ણવવાના બદલે હકારાત્મક અભિગમ રજૂ કર્યો : મારો પરવરદિગાર મને ખવડાવે – પીવડાવે છે, બીમાર પડું તો સાજો કરે છે, અને મને એનાથી આશા છે કે મર્યા પછી એ મારી મગફિરત પણ કરશે. ભૂખ, તરસ, બીમારી અને ગુનાહો અને મૃત્યુ, બધી નકારાત્મક બાબતો છે, એ પણ અલ્લાહ તઆલાની કુદરત જ છે. પણ હઝરત ઈબ્રાહીમ અલૈ.એ ખાવા – પીવા, શિફા આપવી અને મગફિરત કરવા વગેરેની હકારાત્મક બાબતો સામે રાખીને અલ્લાહ તઆલાની મહાનતા અને કુદરત વર્ણવી.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની તાલીમ અને કેળવણીમાં પણ એના અનેક ઉદાહરણો મળે છે. અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પોતે પૂરી તકેદારી સાથે એનું આચરણ કરતા હતા એ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના જીવનચરિત્રથી સ્પષ્ટ સમજી શકાય છે.

● તાઈફના લોકોએ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ઘણા સતાવ્યા હતા. લોકોના વર્તનથી આપ ઘણા જ ગમગીન હતા. લોહીલુહાણ હાલતમાં બહાર નીકળ્યા. ઉપર જોયું તો એક વાદળ માથા ઉપર ચાલી રહયું હતું અને જિબ્રઈલ અલૈ. એના ઉપર સવાર હતા. હઝરત જિબ્રઈલ અલૈ.એ પોકારીને કહયું કે, આ લોકોએ તમને જે જવાબ આપ્યો છે અને જે વર્તન કર્યું છે, એ બધું અલ્લાહ તઆલાને ખબર છે. અલ્લાહ તઆલાએ પહાડોનો ફરિશ્તો તમારી પાસે મોકલ્યો છે, તમે ચાહો તે એનાથી કામ લઈ શકો છો. પછી એ ફરિશ્તાએ સલામ કરીને અરજ કરી કે, તમે હુકમ કરો તો આ પહાડોને ભેગા કરીને આખા તાઈફ શહેરનો કચ્ચરઘાણ કરી દઉં ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જવાબ આપ્યો : ના, ના, મને તો પાકી ઉમ્મીદ છે કે આ નાફરમાનોની અવલાદમાં અલ્લાહ તઆલા એવા લોકો પેદા કરશે જે એક અલ્લાહની ઈબાદત કરશે અને શિર્ક નહીં કરે.

આ કિસ્સામાં આપણે જોઈ શકીએ છીએ કે, તાઈફની સફર અને ત્યાં જે કંઈ થયું એમાં કોઈ એક બાબત એવી ન હતી, જે સારી કહી શકાય. પણ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને એમના વિશે થોડું પણ બુરું વિચારવું પસંદ ન હતું.

● એક સહાબી અબ્દુલ્લાહ હિમાર રદિ. નામે હતા. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે ઘણી જ મુહબ્બત કરતા હતા. કદી કદી કંઈ તોહફો પણ પેશ કરતા હતા. એકવાર મદીના બહારથી કોઈ બદુ મધ વેચવા આવ્યો. અબ્દુલ્લાહ રદિ.એ મધનો સોદો કર્યો અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં રજૂ કરીને કહયું કે, યા રસૂલલ્લાહ ! આ આપના માટે

તોહફો છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે કુબૂલ કરી લીધું. થોડી વાર થઈ એટલે મધ વેચનાર વ્યકિત હઝ. અબ્દુલ્લાહ રદિ.ને શોધતો શોધતો આવ્યો કીમતની માંગણી કરી. અબ્દુલ્લાહ તો ગરીબ માણસ હતા. એમની પાસે પૈસા કયાંથી હોય ? તેઓ મધ વેચનારને લઈને સીધા આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં આવ્યા અને અરજ કરી કે એને મધના પૈસા ચુકવી દયો.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે અરજ કરી કે, તમે તો મધ મને તોહફામાં આપ્યું હતું ને ? અબ્દુલ્લાહ રદિ.એ કહયું કે, તોહફો જ છે. પણ મેં જેની પાસેથી આ તોહફો ખરીદયો છે, એને આપવા માટે મારી પાસે કંઈ નથી. અલ્લાહના રસૂલ મુસ્કુરાયા અને મધ વેચનારને એની કીમત ચુકવી દીધી.

અબ્દુલ્લાહ રદિ. દિલથી સાચા – પાકા મોમિન હતા. અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી ઘણી જ મુહબ્બત કરતા હતા. અલબત્ત અનેકવારની સજા અને તોબા છતાં શરાબ પીવાની આદત એમનાથી છુટતી ન હતી. અનેક વાર પકડીને લાવવામાં આવતા અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એમને કોરડા, જૂતા કે લાકડીઓ મારીને સજા કરતા અને છોડી દેતા. એકવાર એમને શરાબ પીધેલી હાલતમાં પકડીને લાવવામાં આવ્યા. સજા કરીને એમને પાછા ઘરે જવાની રજા દેવામાં આવી. આ દરમિયાન એક બીજા સહાબીના મોંઢે આ શબ્દો નીકળી ગયા :

હે અલ્લાહ ! આ માણસ ઉપર લાનત કર, કેટલી વાર એક જ ગુનામાં એને પકડવામાં આવે છે.

એમ તો વાત સાચી હતી, પણ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સદાએ હકારાત્મક પાસાને જ સામે રાખતા હતા. પેલા સહાબી રદિ.ને ફરમાવ્યું કે, ખુદાની કસમ ! હું તો એમના વિશે ફકત એટલું જ જાણું છું કે તેઓ અલ્લાહ અને એના રસૂલ પ્રત્યે ઘણી જ મુહબ્બત રાખે છે. તમે તમારા ભાઈ વિશે આવા શબ્દો બોલીને શયતાનની મદદ ન કરો.

ઉપરોકત ઘટનામાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે અનેકવારની નાફરમાની છતાં હઝરત અબ્દુલ્લાહ રદિ.માં જે હકારાત્મક બાબત હતી એને જ યાદ રાખી, બાકી બધી બુરાઈઓ સજા કરીને ભૂલી જતા હતા. આ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઉચ્ચ સંસ્કાર છે. સામાન્ય માણસો અને બીજા સરદારો હમેંશા એમના તાબા હેઠળના લોકોની બુરાઈઓ અને ભૂલો યાદ રાખે છે. મહાન માણસો અને કોમના સાચા રાહબરો લોકોની ખામીઓ ભૂલીને એમની ખૂબીઓથી કામ લેતા હોય છે. આવી રીતે જ સમાજ અને કોમનું ઘડતર થાય છે અને તે પ્રગતિ કરે છે.

● એકવાર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મદીનાના એક મહોલ્લામાં પહોંચ્યા. ત્યાંના લોકો આપને મળવા ભેગા થઈ ગયા. એક માણસ માલિક બિન દખ્શન દેખાયા નહીં, કોઈકે કહયું કે, તે મુનાફિક થઈ ગયો છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે તુરંત ટકોર કરી કે, આમ ન બોલો. તેઓ લા ઈલાહ ઈલ્લલ્લાહ... નો એકરાર કરે છે. એટલે કે તેઓ મુસલમાન છે.

● હિજરી સન ૬ માં હુદયબિયહ વેળા મક્કા વાળાઓ સાથે દસ વરસ સુધી લડાઈ ન કરવાની સુલહ થઈ હતી, પણ મક્કાના

લોકોએ આ સુલહ અનેક વાર તોડી હતી, એટલે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મક્કા ઉપર ચડાઈ કરવાનો નિર્ણય કર્યો. અને મદીના શરીફમાં એની તૈયારીઓ શરૂ કરવામાં આવી. તૈયારી સંપૂર્ણ રીતે ગુપ્ત રાખવામાં આવી હતી અને દરેકને તાકીદ કરી દેવામાં આવી હતી કે આપણી તૈયારીની વાત મદીના બહાર જાય નહીં. આમ છતાં એક સહાબી હઝરત હાતિબ રદિ.એ એમના અમુક લાભો સામે રાખીને આ તૈયારીના સમાચાર મક્કા પહોંચાડવા માટે એક સ્ત્રીને પત્ર લઈને મક્કા મોકલી. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને અલ્લાહ તઆલાએ આ જાણકારી આપી દીધી તો એ સ્ત્રીને પત્ર સાથે અર્ધા રસ્તેથી પકડી પાડવામાં આવી. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત હાતિબ રદિ.ને બોલાવ્યા અને પૂછયું : હાતિબ આ શું છે ?

હઝ. હાતિબ રદિ.ની ભૂલ ઘણી જ મોટી હતી. ગુપ્ત સમાચાર શત્રુને આપવાના ગુનામાં કતલ સિવાય બીજી કોઈ સજા ન હોય. એટલે તુરંત હઝ. ઉમર રદિ. બોલ્યા કે, યા રસૂલલ્લાહ ! મને પરવાનગી આપો તો હું આ મુનાફિકનું માથું ઘડથી ઉડાવી દઉં !

પરંતુ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જવાબ આપ્યો : ઉમર ! નહીં ! તેઓ બદરની લડાઈ વેળા આપણી સાથે હતા. એટલે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને હઝરત હાતિબ રદિ.ની પાછલી નેકીઓ યાદ હતી, એને સામે રાખીને ફરમાવ્યું કે, બદર જેવા સમયે જે માણસ આપણી સાથે હતો, એ હવે આપણો દુશ્મન કે મુનાફિક ન હોય શકે. એમનાથી ભૂલ થઈ હશે. અને પછી એમની પૂછપરછ કરી. એમણે કહયું કે, હું પાકો મુસલમાન છું. પણ મક્કામાં મારા ઘરવાળાઓ અને માલ

છે, હું એમ વિચારતો હતો કે આટલી જાણકારી મક્કાના લોકોને આપી દઉં તો એના બદલામાં તેઓ મારા ઘરબાર અને માલને નુકસાન ન કરે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : હું તમારી વાતને સાચી સમજું છું અને હે લોકો ! તમે પણ એમને સાચા જ સમજો.

***માફી.***

પારકા કે પોતીકા, દોસ્ત અને દુશ્મન, નાના તેમજ મોટા, બધાની ભૂલો, સતામણી, જુલમ અને અત્યાચારને માફ કરવું માણસના ઉચ્ચ અખ્લાકમાં ગણાય છે. અને લોકોની ભૂલો યાદ રાખીને એનું વેર વાળવું અને મોકો મળે એ મુજબ હિસાબ ચુકતે કરવાની આદત માણસની બદઅખ્લાકી અને કુટેવ – એબ ગણાય છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઉચ્ચ અખ્લાકમાં માફીની સિફત સહુથી ઉપર હતી.

● મક્કામાં સાતમાં વરસે દુશ્મનોએ નક્કી કર્યું કે જો મુહમ્મદ દીનની તબ્લીગનું કામ ન છોડે, અને એમના ખાનદાન વાળાઓ પણ એમને વારે – રોકે નહીં તો બધાનો બાયકોટ કરવામાં આવે અને વાતચીત – વહેવાર બંધ કરી દેવામાં આવે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ખાનદાનના ઘણા લોકોએ મુસલમાન ન હોવા છતાં સાથ આપ્યો. બહિષ્કારના કારણે મક્કામાં રહેવું અઘરું હતું એટલે મક્કાની બહાર એક પહાડની તળેટીમાં બધા રહેવા ચાલ્યા ગયા. 'યમામહ' મુકામેથી લોકો મક્કામાં અનાજ વેચવા આવતા હતા. દુશ્મનોએ એમને પણ રોકી દીધા કે મુહમ્મદના ખાનદાના વાળાઓને અનાજ વેચવું નહીં. આ

લોકોનો સરદાર ષુમામહ નામે હતો. એણે બધા વેપારીઓને ધમકાવીને એવો પ્રબંધ કર્યો કે કોઈ વેપારી એક દાણો પણ મુસલમાનોને વેચે નહીં.

પછી જયારે મુસલમાનો હિજરત કરીને મદીના આવી ગયા તો એકવાર આ ષુમામહ મુસલમાનોના હાથે ઝડપાય ગયો. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સામે એને રજૂ કરવામાં આવ્યો તો એને મસ્જિદના થાંભલા સાથે બાંધી દેવાનો આદેશ કર્યો. ષુમામહે કહયું કે, મુહમ્મદ ! તમે મને મારી નાખશો તો ખોટા નથી, હું એવો જ ગુનેગાર છું. અને જો ઉપકાર કરીને છોડી મૂકશો તો યાદ રાખજો હું ઉપકારોનો સારો બદલો આપનાર સજ્જન છું. અને જો તમને પૈસા જોઈતા હોય તો બોલો, કહેશો એટલા મળી જશે.

ત્રણ દિવસ સુધી રોજ આવી વાત ચીત થતી રહી. ત્રીજા દિવસે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હુકમ ફરમાવ્યો કે એને છોડી દેવામાં આવે. ષુમામહને પોતાની ઈસ્લામ દુશ્મની અને પોતે કરેલા ગુનાહો યાદ હતા. આમ અચાનક માફી મળી ગઈ તો એના દિલની દુનિયા બદલાય ગઈ અને ઈસ્લામ સ્વીકાર કરી લીધો. કહેવા લાગ્યો કે, આજ સુધી તમારાથી મોટો મારો કોઈ દુશ્મન ન હતો, ઈસ્લામ સૌથી ખરાબ ધર્મ હતો અને મદીના સૌથી બુરું શહેર હતું. હવે આજથી હવે તમારા કરતાં વધારે મને બીજું કોઈ પસંદ નથી. મારા મતે ઈસ્લામથી વધુ સારો કોઈ ધર્મ નથી અને મદીનાથી શ્રેષ્ઠ દુનિયામાં કોઈ શહેર નથી સમજતો.

મક્કાના લોકોએ એને ટોણો માર્યો કે તારી અક્કલ જતી રહી છે કે શું ? તું કેમ મુસલમાન બની ગયો ?

એણે ગુસ્સામાં જવાબ આપ્યો કે, ખુદાની કસમ ! હવે પછી મુહમ્મદની પરવાનગી વગર એક દાણો અનાજ તમારી પાસે મક્કા નહીં આવવા દઉં. અને પછી એણે અનાજના વેપારીઓને મક્કા જવાની એવી મનાઈ કરી દીધી કે મક્કામાં અનાજની તંગી થઈ ગઈ. આખરે મક્કાના લોકો મદીના આવ્યા અને દરખાસ્ત કરી કે ષુમામહને કહીને આ પાબંદી હટાવવાની મહેરબાની કરો. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને દયા આવી અને ષુમામહને સંદેશ મોકલાવ્યો કે મક્કાના વાળાઓ ઉપર રહેમ કરો.

● અબૂસુફયાન મક્કાના સરદાર હતા એટલે મુસલમાનોની દુશ્મનીમાં પણ સહુથી આગળ હતા. બદર, ઉહદ, ખંદક અને બીજી લડાઈઓમાં મુસલમાનો વિરુદ્ધ લડવા અને કાવતરામાં એ જ આગેવાની કરતા હતા. મુસલમાનોએ મક્કાની ફતેહ વેળા એમને પકડીને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સામે રજૂ કર્યા તો એમને માફ કરી દેવામાં આવ્યા, બલકે એવી જાહેરાત કરી કે જે કોઈ અબૂ સુફયાનના ઘરમાં પનાહ લેશે એને માફ કરવામાં આવશે. અબૂ સુફયાન જેને રક્ષણ આપી દે એને પણ માફી. આ અબૂ સુફયાનની પત્નિ હિન્દહ પણ કઠણ કાળજાની મુસલમાનોની દુશ્મન સ્ત્રી હતી. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના કાકા હઝરત હમ્ઝહને શહીદ કરાવ્યા અને એમનું કલેજું કાઢીને ચાવ્યું અને પોતાની દુશ્મની–નફરતની આગ ઠંડી કરી. મક્કાની ફતેહ વેળા મોંઢું સંતાડીને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં આવી અને સવાલ – જવાબ કરવા લાગી, પરંતુ તુરંત ઓળખાય ગઈ. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : તું હિન્દહ છે.

એણે કહયું કે, હા, યા રસૂલલ્લાહ ! માફ કરી દયો. અલ્લાહ તમને જઝાએ ખૈર આપે.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પાછલી કોઈ પણ ઘટનાનો ઉલ્લેખ કર્યા વગર તુરંત માફ કરી દીધી.

● નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના પુત્રી ઝયનબ મક્કાથી મદીના હિજરત કરવા નીકળ્યાં તો હિબાર બિન અસ્વદ નામના માણસે રસ્તો રોકી લીધો. ભાલો મારીને ઊંટ ઉપરથી પાડી નાખ્યાં, એમના પેટમાં બાળક હતું. આવી રીતે ઝખ્મી થઈને પડી જવાથી એમનું હમલ પડી ગયું અને આ જ તકલીફમાં પાછળથી એમનો ઈન્તેકાલ પણ થયો. આ હિબાર વિશે જાહેરાત કરી દેવામાં આવી હતી કે જયાં પણ તે મળી આવે કતલ કરવામાં આવશે. પણ મક્કાની ફતેહ વેળા તેઓ અચાનક આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સામે આવીને માફીની યાચના કરવા લાગ્યા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને માફ કરી દીધા.

## *એક વિશેષ ખૂબી*

વિશ્વના અન્ય મહારાજાઓ, સમ્રાટો અને શહેનશાહો, ચાહે તેઓ રહેમ દિલ હોય કે ક્રુર, અમુક શત્રુઓ એમના એવા જરૂર હોય છે જેને તેઓ કદી માફ કરવા ચાહતા ન હોય, એમાંયે વળી શત્રુનું શહેર તલવારની જોરે ફતેહ કરતી વેળા આવા શત્રુઓ નજરે ચડી જાય તો એમના ક્રોધનો પારો આસમાને ચડી જાય અને તુરંત ગરદન છુટી કરી દેવામાં આવે, એવું બધું આપણે ઈતિહાસના પૃષ્ઠોમાં વાંચીએ છીએ. એવા સમ્રાટો, મુગલો, શહેનશાઓ અને રાજાઓ પણ આવ્યા જેમણે લોકોના માથા કાપી કાપીને એના

ડુંગરો અને મિનારાઓ બનાવીને પોતાની ધાક બેસાડવાનો પ્રયાસ કર્યો. પણ વિશ્વના ઈતિહાસમાં મુહમ્મદ એક એવા ફાતેહ – વિજયી સેનાપતિ છે, જેઓ અમુક દુશ્મનોને મારી નાખવાનો હુકમ કરે છે પણ એ જ દુશ્મન સામે આવી જાય તો એમની દયાનો દરિયા છલકાય જાય છે, ફત્હે મક્કા વેળા આવા અનેક દુશ્મનો સામે આવી ગયા તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને માફી આપી દીધી.

● અબ્દુલ્લાહ બિન ખતલની બે કનીઝો ફરતના અને કુરૈબહ નામે હતી. લડાઈમાં શત્રુઓ સાથે આવતી અને શોર્યગીત લલકારીને શત્રુ યોદ્ધાઓને મુસલમાનો વિરુદ્ધ ઉશ્કેરતી હતી. અબ્દુલ્લાહ બિન ખતલ એમની પાસે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની બુરાઈમાં શાયરી ગવાડતો હતો. આ બન્ને કનીઝો વિશે હુકમ હતો કે હાથ ચડે તો એમને કતલ કરી દેવામાં આવે. પણ ફત્હે મક્કા વેળા આ બેમાંથી એક કનીઝ અચાનક આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે આવી ગઈ અને માફી માંગી તો તુરંત એને માફ કરી દેવામાં આવી.

● અબ્દુલ્લાહ બિન સરહ નામે એક સહાબી હતા, પહેલાં મુસલમાન થયા. એ દિવસોમાં જે અમુક માણસો લખવાનું જાણતા હતા એમાં તેઓ પણ હતા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એમની પાસે પણ કુરઆન ઉતરતું તો લખાવતા હતા. શયતાને એમને બહેકાવ્યા તો મુરતદ થઈને મદીના છોડી દીધું. શત્રુઓ સાથે ભળી ગયા અને ઉપરથી પોતાના વિશે કહેવાનું શરૂ કર્યું કે મારા ઉપર પણ વહી આવે છે. એમના વિશે પહેલેથી જ હુકમ હતો કે જયાં મળે ત્યાં ખતમ કરી દેવામાં આવે. ફત્હે મક્કા વેળા

હઝરત ઉસ્માન રદિ.એ એમને જોયા તો સમજાવીને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે લઈ આવ્યા અને માફી માંગી. તેમને પણ ઘણો પસ્તાવો હતો. પણ જયારે સામે આવીને માફી માંગી તો આવા મોટા ગુનાને ભૂલીને પણ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને માફ કરી દીધા.

● હઝરત અબૂહુરયરહ રદિ.ના વાલિદહ ઘણી કોશિશો છતાં મુસલમાન થતાં ન હતાં. એક દિવસ એમણે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ વિશે ઘણા જ અપમાનજનક શબ્દો કહયા. હઝરત અબૂ હુરયરહ રદિ.થી રહેવાયું નહીં, અને રડતા રડતા આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે આવીને શિકાયત કરી. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમની વાલિદહને કંઈ કહેવાને બદલે દુઆ ફરમાવી કે, યા અલ્લાહ ! અબૂ હુરયરહની વાલિદહને હિદાયત અતા ફરમાવ.

હઝરત અબૂ હુરયરહ રદિ. ત્યાંથી પાછા ઘરે આવ્યા તો જોયું કે, એમની વાલિદહ પાક સાફ થઈને કલિમએ શહાદત પઢી રહયાં છે.

***વહાલા અનસ ! મારું કામ તો કરી આવો !***

મદીના શરીફમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના મોસાળ બનૂનજ્જાર કબીલામાં એક શરીફ અન્સારી ખાતૂન ઉમ્મે સુલૈમ રદિ. નામે હતાં. ઘણાં જ સમજદાર, સંસ્કારી અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પ્રત્યે ઘણી જ અકીદત – મુહબ્બત ધરાવતાં હતાં. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ હિજરત કરીને મદીના શરીફ પધાર્યા તો આ નેકદિલ ખાતૂને જોયું કે રસૂલે ખુદાના ઘરમાં નાના – મોટા કામો કરવા માટે કોઈ યોગ્ય

સેવક નથી. તેઓ એમના દસ વરસના છોકરા અનસ (રદિ.)ને લઈને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં આવ્યાં અને અરજ કરી કે,

યા રસૂલલ્લાહ ! મારા આ દીકરાને તમારા ખાદિમ તરીકે રાખી લ્યો. આપના નાના મોટા કામો એ કરી આપશે.

નેકદિલ ખાતૂન અને એમના પુત્રનું નસીબ જુઓ કે, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને પોતાના ખાદિમ બનાવી લીધા. નાનકડા અનસ હવે ઘરમાં આવતા જતા અને ઘરના કામો અંજામ આપવા લાગ્યા. કોઈને બોલાવવા કે કંઈ સંદેશ મોકલાવવાનું કામ પણ એમને સોંપવામાં આવતું હતું.

હઝરત અનસ રદિ. ત્યારથી લઈને દસ વરસથી વધારે સમય આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં રહયા, અને દસ વરસના અનુભવ પછી તેઓ ફરમાવતા હતા કે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ બધા જ લોકો કરતાં વધારે શ્રેષ્ઠ અખ્લાક ધરાવનાર, સંસ્કારી–સદગુણી હતા.

તેઓ પોતાનો એક બનાવ પણ વર્ણવતા કે, એક દિવસ મને કયાંક કામે જવાનું કહયું તો મેં કહી દીધું કે, ખુદાના સમ ! હું નથી જવાનો ! પછી ઘરથી બહાર નીકળી ગયો. મેં જોયું કે, બાળકો રમત રમી રહયા છે, એટલે હું પણ ત્યાં ઉભો રહી ગયો. થોડી વાર થઈ હશે, એટલામાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ત્યાં આવી ગયા અને મને પાછળથી પકડી લીધો. મેં પાછળ ફરીને જોયું તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મારી પીઠ ઉપર હાથ મૂકીને મુસ્કુરાય રહયા હતા.મેં આપના તરફ જોયું તો મુસ્કુરાયને નરમીથી ફરમાવ્યું : يا أنيس اذهب حيث امرتك

વહાલા અનસ ! મેં કહયું હતું ત્યાં જઈ આવો.

એટલે મેં કહયું કે, હા, જાઉ છું અને પછી હું ત્યાં જઈ આવ્યો.

***કેદીને રોટી અને પોતાના માટે સૂકી ખજૂર***

મુસલમાનો હિજરત કરીને મદીના શરીફ આવ્યા એના બીજા જ વરસે બદર મુકામે મક્કાના શત્રુઓ સાથે આમને સામને લડાઈ કરવાની નોબત આવી. મુસલમાનો તરફે ૩૧૩ માણસો અને સામે પક્ષે ૧૦૦૦ સશસ્ત્ર સવારો હતા. લડાઈના અંતે મુસલમાનોની જીત થઈ અને મક્કાના ૭૦ દુશ્મનો મુસલમાનોના હાથે કેદ થયા. આ કેદીઓને મદીના શરીફ લાવવામાં આવ્યા. એવું નક્કી થયું કે, એક નક્કી રકમ લઈને એમને છોડવામાં આવશે. એમના સગાઓ મક્કાથી રકમ લઈને આવે ત્યાં સુધી આ કેદીઓ મુસલમાનો વચ્ચે એક–એક, બે–બે વહેંચી દેવામાં આવ્યા અને તાકીદ કરવામાં આવી કે, એમના ઉપર કોઈ પણ પ્રકારની કડકાઈ કરવામાં ન આવે. બલકે એમની સાથે શકય એટલું સદવર્તન કરવામાં આવે. જે સહાબી પાસે જે કોઈ કેદી હતો, એની પૂરી તકેદારી રાખીને મહેમાનની જેમ સરભરા કરવામાં આવી.

આ કેદીઓમાં એક કેદી અબૂઅઝીઝ નામે હતા. અબૂયુસ્ર રદિ.નામે એક સહાબી રદિ. પાસે તેઓને રાખવામાં આવ્યા હતા.

અબૂઅઝીઝ રદિ. પાછળથી મુસલમાન થઈ ગયા હતા. મુસલમાન થયા પછી કેદના દિવસોની હાલત વર્ણવતા તેઓ ફરમાવતા કે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ તરફથી કેદી સાથે સદવર્તન કરવાની જે તાકીદ કરવામાં આવી હતી, એના કારણે દરેક સહાબી અમારી સાથે મહેમાનો જેવો વર્તાવ કરતા હતા. એમના રખેવાળ સહાબી હઝરત અબૂયુસ્ર ગરીબ હતા, છતાં એમને રોટી ખવડાવતા હતા. ગરીબીના એ

દિવસોમાં મદીના શરીફમાં રોટી ઘણી મોંઘી વસ્તુ ગણાતી હતી. અબૂ યુસ્ર પોતે ખજૂરો ખાયને પાણી પી લેતા અને મને ખાણામાં રોટી આપતા હતા. મને આ વસ્તુ ગમતી ન હતી. હું એમને રોટી પાછી આપતો પણ તેઓ આગ્રહ કરીને પણ મને રોટી ખવડાવતા અને પોતે ખજૂરોથી કામ ચલાવી લેતા.

અબૂઅઝીઝ રદિ. હઝરત મુસ્અબ બિન ઉમૈર રદિ.ના સગા ભાઈ થતા હતા. મુસ્અબ બિન ઉમૈર રદિ. તો પહેલેથી જ મુસલમાન થઈ ગયા હતા અને મદીના હિજરત કરીને આવી ગયા હતા. અબૂઅઝીઝ રદિ.ને પણ એમની વાલિદહે ૪૦૦૦ દિરહમની રકમ મોકલાવીને છોડાવ્યા અને પાછળથી તેઓ પણ મુસલમાન થઈ ગયા.

***મજા તો તબ હે કે ગિરતોં કો થામ લે સાકી***

હિજરી સન ૮ માં મુસલમાનો મદીના શરીફથી કુચ કરીને મક્કા પહોંચ્યા અને કોઈ પણ વિરોધ વગર મક્કા શરીફ મુસલમાનોના હાથમાં આવી ગયું. ત્યાંથી મદીના શરીફ પાછા ફરી રહયા હતા, એવામાં ખબર પડી કે હવાઝિન કબીલાનો સરદાર માલિક બિન ઓફ લગભગ ૨૫ હઝારનું લશ્કર લઈને મુસલમાનો સાથે લડવા નીકળ્યો છે. પરિપૂર્ણ તૈયારીના એક ભાગ સ્વરૂપે એણે હુકમ કર્યો કે કબીલાનો દરેક માણસ આ લડાઈમાં શરીક થાય અને બધા લોકો, એમના બીવા બચ્ચાઓ, માલ સામાન અને ઢોર – ઢાંખર લઈને લશ્કર સાથે ચાલે. જેથી બધા સૈનિકો મક્કમતાથી લડે અને પીઠ ફેરવીને નાસે નહીં. પૂરતી તૈયારીઓ ઉપરાંત આ ચાલ પણ માલિક બિન ઓફની બાહોશીનો પુરાવો છે. મક્કાથી મુસલમાનો નીકળ્યા તો એમની સંખ્યા

લગભગ બાર હઝાર હતી. અને ઘણા એવા હતા જે હજુ મક્કાની જીત વેળા નવા મુસલમાન બન્યા હતા. હુનૈન સ્થળે બન્ને લશ્કરો આમને સામને થયા તો શરૂમાં હવાઝિનનું પલ્લું ભારે થવા લાગ્યું. બારહઝારના મોટા સંખ્યાબળથી આત્મવિશ્વાસમાં આવી ગયેલા મુસલમાનો અને નવા મુસલમાન બનેલા લોકો આમ તેમ નાસવા લાગ્યા. પરંતુ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મેદાનમાં દઢતાથી લડતા રહયા. પરિણામે મુસલમાનો પાછા ભેગા થઈ ગયા અને એવા લડયા કે લડાઈનું પાસુ પલટાય ગયું. મુસલમાનોની ભારે જીત થઈ. સામે પક્ષે લશ્કરના સરદાર માલિક બિન ઓફે નાસવું પડયું અને બનુષકીફ કબીલાના કિલ્લામાં સંતાયને પનાહ લીધી. હવાઝિન કબીલાના અનેક લોકો એમના બાળ બચ્ચાઓ, સ્ત્રીઓ, બધાં જાનવરો સહિત મુસલમાનોના હાથે કેદ થયા. આ બધા કેદીઓ અને સ્ત્રીઓને એમના માલ – સામાન સહિત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે છોડી મુકવાનો હુકમ કર્યો અને પૂછયું કે તમારા સરદાર માલિક બિન ઓફ કયાં છે ? એમણે જવાબ આપ્યો કે બનુષકીફના કિલ્લામાં સંતાઈને રહે છે. પોતાના કબીલાના લોકોનો પણ ડર લાગે છે, કારણ કે બધાને સાથે લઈને નીકળવાની એની ચાલ ઉલટી પડી હતી અને પોતાના ભવિષ્ય બાબતે ચિંતિત છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હવાઝિન કબીલાના લોકોને ફરમાવ્યું કે, માલિક બિન ઓફને સંદેશો પહોંચાડો કે, મુસલમાન બનીને મારી પાસે આવી જાય. એના બીવી બચ્ચાઓ અને માલ – સામાન બધું એને પાછું આપી દઈશ અને વધારાના સો ઊંટ પણ આપીશ.

એક કટ્ટર શત્રુ માટે આટલી બધી ઉદારતા નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઉચ્ચ અખ્લાક અને સદવર્તન જોતાં કોઈ નવાઈની વાત ન હતી. પણ અન્ય લોકો માટે વિશેષ કરીને માલિક બિન ઓફ માટે આ માનવામાં ન આવે એવી વાત હતી. ખાસ કરીને એટલા માટે કે હમણાં જ મુસલમાનોએ મક્કા જીત્યું હતું અને હવે અરબસ્તાનમાં એમને કોઈ રોકી શકે એમ ન હતું. આવો ભવ્ય વિજય મળ્યા પછી જે કોઈ વચ્ચે આવે એને કચડી નાખવામાં આવશે એવું લોકો વિચારતા હતા.

માલિક બિન ઓફને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો સંદેશ પહોંચ્યો તો એમાં જ ઉજળું ભવિષ્ય દેખાયું અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ખિદમતમાં હાજરી આપી. હવે તેઓ એક મુસલમાન ભાઈ હતા. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે વાયદા મુજબ એમને બધું જ પરત કરી દીધું અને એમની આશાથી ઘણું વધારે આપ્યું. બલકે એમને જ હવાઝિન કબીલાના સરદાર નિયુકત ફરમાવ્યા.

*નશા પિલા કે ગિરાના તો સબ કો આતા હે*
*મજા તો તબ હે કે ગિરતોં કો થામ લે સાકી*

***<u>બીજી વાર આવું કર્યું તો જોવા જેવી થશે.</u>***

મક્કા શરીફ પરાપૂર્વથી વેપારી કેન્દ્ર હતું. દૂર સુદૂરથી લોકો એમનો માલ લઈને અહિંયા વેચવા આવતા હતા. એકવાર યમનના ઝબીદ શહેરનો વેપારી ત્રણ સુંદર ઊંટો લઈને મક્કાના બજારમાં વેચવા આવ્યો. સુંદર સોહામણા ઊંટો જોઈને લોકો મોલ ભાવ કરવા લાગ્યા. ઊંટોની જાત, નસલ અને સુંદરતાના કારણે વેપારી એનો ભાવ પણ ઊંચો બોલતો હતો. એટલામાં મક્કાનો

બની બેઠેલો સરદાર અબૂજહલ ત્યાં આવી પહોંચે છે. પહેલી નજરે જ ઊંટો એને ગમી ગયાં. ભાવ પૂછયો તો લાંબી મજલ કાપી, મોંઘેરો માલ લઈને આવેલા વેપારીએ ઇચ્છા પ્રમાણેનો ભાવ બતાવ્યો.

હોંટ દબાવીને અબૂજહલ ખંધુ હસ્યો અને બોલ્યો કે, આ તો વધારે ભાવ છે. આ ભાવના એક તૃતીયાંશ ભાવે વેચવા હોય તો બોલો ! મોં માગ્યા દામ મળવાની આશાએ આવેલ વેપારીને આટલો ઓછો ભાવ બિલ્કુલ પોસાય એમ ન હતું. એણે ના પાડી દીધી.

બિચારા અજનબી વેપારીની સમસ્યા હવે શરૂ થાય છે. આખા બજારમાં આ વાત ફેલાય ગઈ કે અબૂજહલે આ ઝબીદી વેપારીના ઊંટો આટલા ભાવે માંગ્યા છે.

બસ ! હવે કોઈની હિમ્મત ન હતી કે એનાથી વધારે ભાવ બોલે. એનાથી વધારે ભાવ આપવાનો મતલબ હતો અબૂજહલની સામે પડવું. અને આ કોઈ સામાન્ય માણસના ગજાની વાત ન હતી. હવે કોઈ ઊંટને જોવા કે ખરીદવા પણ આવતું ન હતું.

ઝબીદી વેપારી મક્કાના નેતાઓ અને મોટા વેપારીઓ પાસે ગયો અને એમને પોતાની આપદા સંભળાવી, પણ અબૂજહલની બીકે કોઈ બોલવા તૈયાર ન હતું. છેવટે બિચારો પરેશાન થઈને કાબા શરીફમાં દુઆ કરવા આવ્યો. ત્યાં એણે જોયું કે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ, હઝરત અબૂબક્ર રદિ. હઝરત ઉમર રદિ. અને હઝરત સઅદ બિન વક્કાસ રદિ. બેસેલા છે. એટલે એમની પાસે આવીને પણ દુહાઈ આપી કે, હે મક્કાના સજ્જનો ! જો તમે જ આવું કરશો તો કયો વેપારી તમારી પાસે માલ લઈને આવશે ? આટલા પવિત્ર સ્થળે આવા કરતૂત ? તમે

તો વેપારીઓ ઉપર જુલમ કરો છો.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એને પાસે બોલાવ્યો અને પૂછયું કે, ભાઈ શું થયું છે ? કોણ તારા ઉપર જુલમ કરે છે ? ઝબીદી વેપારીએ સઘળી બીના કહી સંભળાવી. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એને પૂછયું કે, તારા ઊંટ કયાં છે ? એણે કહયું કે હજુ ત્યાં જ (હઝૂરહ નામી સ્થળે) છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પોતાના સાથીઓને લઈને એની સાથે થઈ ગયા. ઊંટો પાસે પહોંચ્યા તો જોયું કે સાચે જ માલ ઘણો સુંદર અને મોંઘો છે. ઝબીદી વેપારીને ભાવ પૂછયો અને એણે જે દામ બોલ્યો એ આપી દીધો. મોં માગ્યો ભાવ મળ્યો એટલે ઝબીદી વેપારી ખુશ થઈ ગયો.

થોડીવાર પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ત્યાં જ એ ઊંટોને વેચવાનું શરૂ કરી દીધું અને થોડી વારમાં તો બે ઊંટો વેચાય ગયા અને જે કીમત ત્રણ ઊંટોની આપી હતી એ બે ઊંટોમાં જ વસૂલ થઈ ગઈ. પછી ત્રીજું ઊંટ પણ વેચાય ગયું. અને આ સઘળો નફો અબ્દુલ મુત્તલિબના ખાનદાનની બેવા સ્ત્રીઓમાં વહેંચી દીધો.

અબૂજહલ પણ ત્યાં એક તરફ ચુપચાપ બેસીને બધું જોઈ રહયો હતો. એ જાણતો હતો કે મુહમ્મદ સિવાય કોઈની હિમ્મત નથી કે મારી સામે પડે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ છેલ્લે એની પાસે ગયા અને ચેતવણી આપી કે, હે અમ્ર ! જે કંઈ આ અજનબી સાથે કર્યું છે, એવું ફરીવાર કરતો નહીં. નહીંતર હું જે કંઈ કરીશ એ તારા માટે સારું નહીં હોય.

બિચારો અબૂજહલ ! એવો હેબતાય ગયો હતો કે હમણા જ મુસલમાન બની જશે. એનાથી ફકત એટલું જ બોલાયું કે, હે

મુહમ્મદ ! ફરીવાર આવું નહીં કરું.

આ કિસ્સામાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના અખ્લાકનું એક પાસું ઝબીદી વેપારીની મદદ કરવાનું છે. બીજું પાસું કુરેશની આબરું અને શાન જાળવવાનું છે, અને ત્રીજું પાસું અબૂજહલને ધમકી આપવાનું પણ છે. આ ધમકી દ્વારા બીજા અનેક લોકોને અબૂજહલના જુલમથી બચાવવાની મુબારક કોશિશ સમાયેલી છે.

***મને ખબર છે કે તમે બદલો નથી લેવાના !***

એકવાર મદીના બહારથી એક બદ્દુ ગામડિયો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે આવ્યો. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આ વેળા એક જાડી ચાદર પહેરી હતી. ગામડિયાએ આવીને તુરંત જ જોરથી ચાદર એવી રીતે ખેંચી કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ગળા ઉપર ઉઝરડાના નિશાન પડી ગયાં અને પછી ઘણી જ બેઅદબીથી કહેવા લાગ્યો : હે મુહમ્મદ ! સાંભળ ! આ બધો માલ તારો કે તારા બાપનો નથી. મારા આ બે ઊંટો ઉપર એ અલ્લાહનો માલ લાદી દયો.

એકદમ અણધાર્યા સંજોગોમાં આ બધું થયું પણ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ચહેરા ઉપર એના આ અણઘડ વહેવારનો કોઈ અણગમો ન હતો. એણે જે કહેવું હતું એ કહીને ચુપ થઈ ગયો. થોડી વાર પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એને ફરમાવ્યું : સાંભળો છો ? માલ તો અલ્લાહ તઆલાએ આપ્યો છે અને હું એનો બંદો છું પણ આ તમે મારી સાથે જે ખરાબ વહેવાર કર્યો છો એનો બદલો તો હું લઈ શકું ને ?

એ ગામડિયો કહેવા લાગ્યો : મુહમ્મદ તમારી વાત તો

બરાબર છે, પણ હું જાણું છું તમારાથી એ થશે નહીં.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પૂછયું, કેમ નહીં થાય?

એણે જવાબ આપ્યો કે, તમારા વિશે તો મશહૂર છે કે, તમે બુરાઈનો બદલો બુરાઈથી નથી આપતા.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એનો આ જવાબ સાંભળીને મુસ્કુરાયા. અને પછી ફરમાવ્યું :

એના એક ઊંટ ઉપર જવ અને બીજા ઉપર ખજૂરો લાદી આપો.

### લોકોના ચહેરા વિકૃત કરવા આપણું કામ નથી.

શરૂમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને જયારે મક્કામાં પુરતું સમર્થન ન મળ્યું તો તાઈફ શહેરના સરદારો પાસે ગયા હતા અને ઈસ્લામ સ્વીકારીને પોતાને રસૂલે ખુદા તરીકે સમર્થન, સહકાર અને પનાહ આપવાની રજૂઆત કરી હતી. તાઈફના સરદારોએ ઉલટાનું આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું અપમાન કર્યું એટલે પાછા મક્કા આવવાનું નક્કી કર્યું. આવી સ્થિતિમાં મક્કામાં પાછા આવવામાં વધારે મુસીબતોનો ખોફ હતો એટલે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ચાહતા હતા કે, મક્કાના કોઈ સરદારની પનાહ અને ટેકો લઈને મક્કામાં આવે. જેથી કોઈ દુશ્મન સતાવે નહીં. એના માટે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પ્રથમ અખ્નસ બિન શરીકને પનાહ માટે કહેવડાવ્યું, એણે ઈન્કાર કર્યો તો સુહૈલ બિન અમ્રને કહેવડાવ્યું તો એણે પણ ના પાડી.

આ સુહેલ બિન અમ્ર મક્કાનો મોટો સરદાર હતો. મક્કાના સરદારોમાં એની વાતને મહત્વ આપવામાં આવતું હતું. ઈસ્લામ

અને મુસલમાનોની દુશ્મનીમાં સૌથી આગળ.

મુસલમાનો મદીના હિજરત કરીને આવ્યા પછી બદરની લડાઈ થઈ તો મક્કાના જે ૭૦ દુશ્મનોને કેદ કરવામાં આવ્યા હતા, એમાં આ સુહૈલ પણ હતો. એક સમયે રસૂલે ખુદાને પનાહ આપવાનો ઈન્કાર કરનાર આજે રસૂલે ખુદાની કેદમાં હતો.

મુસલમાનોની કેદમાંથી છુટયા પછી પણ એની દુશ્મની એવી જ રહી. ઉહદમાં પણ કાફિરો તરફથી લડાઈમાં શામેલ હતો.

હુદયબિયહની સુલેહ વેળા સુલેહની વાતચીત, સુલેહ કરારનું લખાણ અને સહી કરવામાં મક્કાના લોકોનો પ્રતિનિધિ પણ આ સુહેલ જ હતો. આ વેળા પણ રસૂલે ખુદા અને મુસલમાનો પ્રત્યેની દુશ્મની જોવા જેવી હતી. કરારનામું લખતી વેળા આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે 'બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ' લખાવ્યું તો કહેવા લાગ્યો કે, રહમાન કોણ છે ? હું નથી જાણતો. ફકત અલ્લાહનું નામ લખાશે. પછી જયારે આગળ લખાવ્યું કે, 'આ તે કરાર છે, જેના ઉપર રસૂલે ખુદા મુહમ્મદ સાથે સુલેહ થઈ છે.' તો કહેવા લાગ્યો કે, અમે તમને રસૂલે ખુદા સમજતા હોત તો પછી આ બધા ઝઘડા અને લડાઈ જ ન હોત. એટલે ફકત 'મુહમ્મદ' નામ લખાશે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ચાહતા હતા કે કોઈ પણ રીતે સુલેહ થઈ જાય, એટલે એની જિદ મુજબ કરારનું લખાણ લખાવવા લાગ્યા. એવામાં આ સુહેલના સગા બેટા અબૂ જુન્દુલ પગોમાં લગાવેલી સાંકળો ઘસેડતા ઘસેડતા આવી ત્યાં આવી પહોંચ્યા. તેઓ મુસલમાન થઈ ગયા હતા અને સુહેલે એમને સાંકળોથી બાંધી રાખ્યા હતા. તેઓ આવીને મુસલમાનોને પોકારવા લાગ્યા. તેઓ મુસલમાનો સાથે

થઈ જવા ઈચ્છતા હતા.

સુલેહની એક શરત આ હતી કે, મક્કાનો કોઈ વ્યકિત મુસલમાન બનીને એના વડીલોની પરવાનગી વગર મુસલમાનો પાસે આવે તો એને પાછો કરી દેવામાં આવે.

સુહેલે આ શરત સામે કરીને કહયું કે, હમણા જ આ શરત ઉપર અમલ કરીને અબૂજુન્દુલને પાછો કરવામાં આવે.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે, હજુ તો સુલેહનું લખાણ લખાય રહયું છે, અને આવો આગ્રહ ?

એણે કહયું કે, એને પાછો કરો. નહીં તો સુલેહ જ નહીં થાય.

આપે ફરમાવ્યું કે, ફકત મારા લીધે એને છોડી દયો.

એણે કહયું કે, ના, તમારા લીધે પણ નહીં.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ઓર આગ્રહ કર્યો પણ એ તૈયાર ન થયો અને બધાની સામે જ અબૂજુન્દુલ રદિ.ને તમાચો મારી દીધો.

અબૂજુન્દુલ રદિ. બુમો પાડીને મુસલમાને કહેવા લાગ્યા : હે મુસલમાનો ! તમે મને પાછો દુશ્મનોમાં મોકલો છો ? તેઓ મને દીન બાબતે પરેશાન કરશે.

અત્યંત હદયદ્રાવક દશ્ય હતું. પણ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ શાંત અને ધીરજવાન હતા. અબૂજુન્દુલ રદિ.ને નસીહત કરી કે સબ્ર કરો. ધીરજ ધરો. આ દુખોનો તમને ઘણો જ સવાબ મળશે. આપણી સુલેહ થઈ ગઈ છે અને આપણે સુલેહ તોડનાર લોકો નથી.

સમય વીતતો રહયો. ધીરે ધીરે મુસલમાનોની શકિત વધતી રહી અને છેલ્લે એવા દિવસો આવ્યા કે, મુસલમાનોએ મક્કા

ઉપર ચડાઈ કરી અને મક્કા જીતી લીધું. અત્યાર સુધી મુસલમાનોને રંજાડનાર, મારનાર અને હત્યાઓ કરનાર બધા શત્રુઓ ફફડતા હતા. પણ રસૂલે ખુદા સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે બધાને માફી જાહેર કરી દીધી. સાથે જ એમ પણ જાહેરાત કરી કે જે કોઈ ઘરનો દરવાજો બંધ કરીને બેસી જશે, એને પણ માફી આપી દેવામાં આવી છે.

સુહેલ હજુ સુધી મુસલમાન થયો ન હતો. અત્યાર સુધી મુસલમાનો સાથે જે અદાવત અને વેર–ઝેર વેર્યું હતું, એ યાદ કરીને એમ જ સમજતો હતો કે મને માફ કરવામાં નહીં આવે. મને તો બદલામાં મારી જ નાખવામાં આવશે. સુહેલના એક પુત્ર અબ્દુલ્લાહ પણ મુસલમાન થઈ ચુકયા હતા અને મુસલમાનો સાથે લશ્કરમાં શામેલ હતા. સુહેલે અબ્દુલ્લાહના નામે સંદેશો મોકલાવ્યો કે મને બીક છે કે મને મારી નાખવામાં આવશે. એટલે મારા માટે રસૂલે ખુદા પાસેથી રક્ષણ – શરણનો પરવાનો મેળવી લ્યો. હઝરત અબ્દુલ્લાહ રદિ.એ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં આવીને અરજ કરી કે, યા રસૂલલ્લાહ ! તમે સુહેલને રક્ષણ આપશો ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : હા, કેમ નહીં ? તેઓ અલ્લાહ તરફથી સલામત છે. તેઓ બહાર આવી જાય, કોઈ વાંધો નથી. પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે તે મજલિસમાં બેસેલા સઘળા લોકોને સંબોધીને કહયું :

તમારી કોઈની સુહેલ સાથે મુલાકાત થાય તો એમના તરફ આંખો પણ કાઢવી નહીં. જાઓ સુહેલને જઈને કહો કે બહાર આવી જાય. ખુદાની કસમ ! તેઓ ઘણા જ હોશિયાર અને

સન્માનનીય વ્યક્તિ છે. આવો સમજદાર અને મહાન માણસ ઈસ્લામથી દૂર રહી જ ન શકે. એમને પણ હવે સમજમાં આવી ગયું હશે કે એમનાથી જે કામ કરાવવામાં આવતું હતું, એ બેકાર હતું. અબ્દુલ્લાહ રદિ. પોતાના વાલિદ પાસે જઈને બધું સંભળાવે છે તો સુહેલ ખુશ ખુશાલ થઈને કહે છે : ખુદાના સમ ! આ દુનિયામાં એમનાથી વધીને વાયદા પાલન કરનાર બીજું કોઈ ન હોય શકે. મુહમ્મદ બાળપણથી જ એમના વાયદાનું પાલન કરતા આવ્યા છે. આટલી બધી માફી અને મહેરબાની છતાં સુહેલ હજુ મુસલમાન નથી થતો, બલકે મક્કામાં જ સામાન્ય માણસની જેમ શાંતિ સલામતીથી ફરતો રહે છે. પછી છેક છેલ્લે રસૂલે ખુદા પાછા વળ્યા, ત્યારે જિઈર્રાનહ મુકામે જઈને ઈસ્લામ સ્વીકારે છે. અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એમને ૧૦૦ ઊંટોનો તોહફો આપીને નવાઝે છે.

આ સુહેલ ગજબના શાયર અને ભાષણબાજ હતા. મુસલમાનો વિરુદ્ધ ઝેર ઓકવાનો ભારે શોખ હતા. જયારે બદરની લડાઈમાં દુશ્મનો તરફે હતા અને મુસલમાનોના હાથે કેદ પકડાયા તો હઝરત ઉમર રદિ.એ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સમક્ષ રજૂઆત કરી કે એના આગલા દાંત તોડી નાખવામાં આવે, જેથી તે રસૂલે ખુદા અને મુસલમાનો વિરુદ્ધ ભાષણો કરીને કે શાયરી લલકારીને લોકોને ઉશ્કેરી ન શકે. પરંતુ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત ઉમર રદિ.ની રજૂઆત ઠુકરાવી દીધી અને ફરમાવ્યું :

માનવીઓના ચહેરા વિકૃત કરવું આપણું કામ નથી.

---

## સીરત લેખમાળાની અમારી બીજી પુસ્તિકાઓ

**(૧) આદર્શ જીવન.**

માનવ જીવન માટે દષ્ટાંત સ્વરૂપ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના અંગત જીવનની સીધી, સરળ અને બોધદાયક વાતો

**(૨) નબીની નિરાળી વાતો.**

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના જીવન ચરિત્ર અને જીવંત ઉપદેશોની સમજણ આપણી અુમક વાતો

**(3) ગુફ્તગૂ.**

વિવિધ લોકો સાથે અનેકાનેક વિષયે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વાતચીતના દિલચસ્પ કિસ્સાઓ

**(૪) દુઆ.**

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે સહાબએ કિરામ રદિ.ને શીખવાડેલી અને પોતે અલ્લાહના દરબારમાં માંગેલી દુઆઓના અમુક દિલચસ્પ કિસ્સાઓ.

**(૫) મુહબ્બત.**

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પ્રત્યે સહાબએ કિરામ રદિ.ની બેનમૂન મુહબ્બતના બોધદાયક કિસ્સાઓ

**(૬) સાચા સપનાં.**

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે સ્વપ્નમાં જોયેલ અવનવી વાતો અને એનો અર્થ – મતલબ

**(૭) તરબિયત.**

સહાબા રદિ.ની તરબિયત અને કેળવણીમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે અપનાવેલ સુંદર પદ્ધતિ દર્શાવતા અમુક કિસ્સાઓ.

**(૮) સંસ્કાર.**

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઉચ્ચ સંસ્કારોની ઝાંખી કરાવતા અમુક દિલચસ્પ અને બોધદાયક કિસ્સાઓ.